ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 19th March, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
..............................................................................,
ભાવનગર.

**૨૦મી માર્ચને વિશ્વ ભરમાં 'ચકલી દિવસ' અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા**
**'ચકલી આપણી મિત્ર' વિષય પર ચિત્ર સ્પર્ધા :**
**ભાગ લેનારે પોતાના ઘર પર રહીને જ ચિત્ર બનાવી લોક વિજ્ઞાન કેન્દ્ર પર જમા કરાવવાનું રહેશે.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ચકલીઓની ઘટી રહેલી વસ્તી અને તેની પર્યાવરણનાં સંતુલનમાં ભૂમિકા અંગે જાગૃતિ ફેલાવના હેતુ થી ૨૦મી માર્ચને વિશ્વ ભરમાં 'ચકલી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગ રૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'ચકલી આપણી મિત્ર' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર સ્પર્ધા ઓફલાઈન માધ્યમથી થનાર હતી. પરંતુ હાલ COVIDના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને આ સ્પર્ધામાં સ્પર્ધકે ઘેર રહીને વિષય અનુરૂપ ચિત્ર દોરવાનું રહેશે.

આ સ્પર્ધામાં વયજૂથ પ્રમાણે ગ્રુપ-Aમાં ૩ થી ૧૦ વર્ષ , ગ્રુપ- Bમાં ૧૦ થી ૨૦ વર્ષ અને ગ્રુપ-C માં ૨૦ વર્ષથી વધુ વયના લોકો ભાગ લઇ શકશે. આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ વિષય અનુરૂપ ચિત્ર બનાવી નીચે જણાવેલ ૩ દિવસમાં પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે રૂબરૂ આવીને પોતાનું ચિત્ર જમા કરવાનું રહેશે. જે અંગેની વધુ વિગતો www.krcscbhavnagar.org / Current Event પર આપવામાં આવેલ છે.

| તારીખ | સમય | | |
|---|---|---|---|
| | સવાર | બપોર | સાંજ |
| તા.૨૦-૦૩-૨૦૨૧ | 11 થી 1 | રિશેષ ટાઈમ | 3 થી 5 |
| રવિવારે ઓફીસ બંધ રહેશે. | | | |
| તા. ૨૨-૦૩-૨૦૨૧ | 11 થી 1 | રિશેષ ટાઈમ | 3 થી 5 |
| તા. ૨૩-૦૩-૨૦૨૧ | 11 થી 1 | રિશેષ ટાઈમ | 3 થી 5 |

19/03/21
6:10PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.